

## સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

'વેતન કાપે' - ખૂશ ન થતા!, ઉલ્ટું ભારણ વધશે!
પ્રજાના કામકાજે 'ભાવ'નું હવે ધોરણ વધશે !
ઠીક હતું, બાંધેલું, 'છૂટક'માંથી તો 'મારણ' વધશે !
આલીયા ને - માલીયાની ટોપીનો ભાર વધશે!
(ધારાસભ્યો - પદાધિકારીઓના વેતનમાં કાપ)

હાઈકુ

'કાન ખજૂરા!'
કપાયો એક પગ -
શું ફેર પડે??

વગાડો તાળી !
દરિયે દીધું દાન -
- એક ટબૂડી...

## ચિંતન

**સોઈ સયાન જો પરધન હારી, જો કર દંભ સો બલ આચારી -**
**જો કહ ઝૂઠ મસખરી જાના, કલિયુગ સોઈ ગુણવંત બખાના.**

ઉપરોક્ત સાખી તુલસીદાસ રામાયણમાંથી લેવામાં આવેલ છે.

કળિયુગના લક્ષણ અને ધર્મનું વર્ણન કરતા કહે છે કે - જે પારકું બીજાનું દ્રવ્ય ચાતુરીપૂર્વક હરણ કરી શકે તેને જ ચતુર ચાણક્ય કહેવામાં આવશે. જે વધારેમાં વધારે પાખંડી હશે તે જ આચારવંત અને ગુણવાન ગણવામાં આવશે. જે તદ્દન અસત્ય અને ઠઠ્ઠા મશ્કરી - સમૂજ કરી શકશે એ જ ગુણવાન વિદ્વાન કહેવાશે.

આજકાલ એવા યોગી-મહાત્માઓ અચાનક ફૂટી નીકળે છે જેના ટીવી કાર્યક્રમો - મુલાકાતો મોંઘા બને છે. અને થોડા જ સમયમાં તેમનાં કરતૂતોના પડદા પડે અને અંધકારમાં વિલીન થઈ જાય છે.

કથા-સત્સંગ-ધર્માખ્યાનમાં ધર્મનાં મૂળતત્ત્વોને બદલે ઠઠ્ઠા મશ્કરી - ગીત-સંગીત, લોકસાહિત્ય અને મનોરંજનનું મહત્ત્વ વધશે. એવું કરી શકશે તે જ વિદ્વાન કહેવાશે.

## સુવિચાર

- ચિરાગ કૈસે અપની મજબૂરિયાં બયાં કરે... હવા ભી જરૂરી હૈ... ઔર ડર ભી ઉસી સે હૈ... - **જ્યોતિ સ્વરુપ**
- વિરોધ કરવાની જબરદસ્ત રીત છે વૃક્ષો પાસે, કુંપળ ત્યાંથી જ ફુટશે જ્યાંથી કાપવામાં આવ્યું - **વજુ કોટક**
- પરમતત્ત્વ પરીક્ષાનો વિષય નથી, પ્રતિક્ષાનો વિષય છે - **મોરારિ બાપુ**
- જે ગણી શકાય છે તે મહત્ત્વનું નથી હોતું, અને મહત્ત્વનું છે એ ગણી શકાતું નથી - **રવિન્દ્રનાથ ટાગોર**
- તમારા નિષ્ઠા ભરેલા સિદ્ધાંતો એ કોઈ પણ દેશના કાયદા સમાન છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સફળ વ્યક્તિ બનવાનાં બે પગથિયા... એક : ધ્યેય નક્કી કરો જે તમારું સર્વસ્વ હોય. બે : તેને મેળવવા માટે તમારું સર્વસ્વ આપી દો - **હીના ફુલાલ**
- આજનું ઔષધ : કાળા મરીનો પાઉડર રાત્રે સૂતા પહેલા સાબુથી ધોયેલા ચહેરા પર લગાવવાથી ખીલ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

થોમસ આલ્વા એડિસને તેમનું ઘર વિશેષ રીતે બનાવ્યું હતું. તેમને રોજ મળવા માટે ઘણા લોકો આવતા. એકવાર ન્યૂયોર્કના મેયર ખુદ એમને મળવા ઘરે પધાર્યા. મેયરે થોમસની શોધો અને યાંત્રિક અજાયબીઓની વિસ્તૃત જાણકારી મેળવી. અને જ્ઞાનની ચર્ચા પણ કરી.

વિદાય લેતી વખતે મેયરે કહ્યું, 'મહાશય, આપે અદ્ભૂત દિમાગ ચલાવ્યું છે. આપની શોધેલી ચીજો પણ આપની ઉત્તમ પ્રતિમાનો પરિચય આપે છે. બટન દબાવતા દરેક સરળતાથી કામ આપે છે. પણ મારો પ્રશ્ન એ છે કે તમારા ઘરે યંત્ર જે ઝાંપો લગાવેલો છે તેને બહુ જોર લગાવીને ખોલવો પડે છે આવું કેમ ?'

થોમસ આલ્વા એ જવાબમાં કહ્યું, 'મેયર સાહેબ એ દરવાજો એટલા માટે ભારે છે કે એને ખોલીને બંધ કરો એટલે મારા ઘરની ટાંકીમાં પાંચ લિટર પાણી ભરાઈ જાય! મને આખા દિવસમાં એટલા લોકો મળવા આવે છે કે સાંજ સુધીમાં પાણીની ટાંકી ભરાઈ જાય છે.'

મેયરે એડિસનને સલામ કરી વિદાય લીધી.

# બિહારમાં બંને મોરચે ભાંજગડ

**તંત્રીસ્થાનેથી...**

ગત પાંચ વર્ષના નીતીશકુમારના શાસનને ઘણા ઉતારચઢાવ જોવા પડ્યા છે. બિહારમાંથી કોંગ્રેસના સફાયાની શરૂઆત જયપ્રકાશ નારાયણના નેતૃત્વ હેઠળ ઈંદિરા ગાંધી દેશ પર લાદેલી કટોકટી વિરુદ્ધ શરૂ થયેલ આંદોલનથી થઈ હતી. 'સિંહાસન ખાલી કરો કિ અબ જનતા આતી હૈ' - એ રાષ્ટ્રકવિ દિનકરની પ્રસિદ્ધ કાવ્યપંક્તિ બિહારના આબાલવૃદ્ધ મતદાતા અને રહેવાસીના હોઠ પર હતી. એ આંદોલનની ફલશ્રુતિ રુપે ઈંદિરા ગાંધીએ દિલ્હીનું સિંહાસન ખાલી કરવું પડ્યું હતું અને દેશમાં પ્રથમ બિનકોંગ્રેસી સરકાર મોરારજી દેસાઈના વડપણ હેઠળ અસ્તિત્વમાં આવી હતી. વિવિધ વિચારસરણીવાળાં નાનાં મોટાં રાજકીય પરિબળોએ જયપ્રકાશ નારાયણના નેજા હેઠળ 'જનતા પાર્ટી'ની રચના કરી હતી જેના યુવા કાર્યકરો આગળ જતાં દેશના મોટા નેતાઓ તરીકે વિકસ્યા હતા. બિહારના વર્તમાન મુખ્યમંત્રી નીતીશકુમાર અને પૂર્વ મુખ્યમંત્રી લાલુપ્રસાદ આ જે.પી. આંદોલનની પેદાશ છે. એ વખતના આદર્શો હવાઈ ગયા અને સત્તાલાલસા અકબંધ રહી. પરિણામે બિહારમાં જેપીના ચેલાઓના બે મઠ સ્થપાયા - એક લાલુ યાદવનો અને બીજો નીતીશકુમારનો. ત્રીજો એક નાનો મઠ પણ ઊભો થયો રામવિલાસ પાસવાનની પાર્ટીનો. આ ત્રણે ક્યારેક એક જ પાર્ટીમાં હતા, પછી એમાં ભાગલા પડ્યા. જનતા દળ તરીકે ઓળખાતી રાષ્ટ્રીય પાર્ટીમાંથી પ્રાદેશિક જનતા દળ (યુનાઈટેડ) બની. તો વળી ગરીબોના મસીહા બની બેઠેલા અલ્લડ યાદવ નેતા લાલુપ્રસાદે રાષ્ટ્રીય જનતા દળ બનાવ્યું. બેઉ રામલક્ષ્મણની જોડી ગણાતા નેતાઓ આગળ જતાં 'પાંડવ-કૌરવ'માં ફેરવાઈ ગયા. બેઉએ ભરપૂર સત્તા ભોગવી. બેઉ વારાફરતી જે સરકાર રચાઈ એમાં કેન્દ્રીય મંત્રી બન્યા, બેઉ રેલવેમંત્રી બન્યા. બેઉ બિહારના મુખ્યમંત્રી પણ બન્યા. લાલુએ તો આખા પરિવારને રાજકારણમાં ઉતાર્યો. પોતે ઘાસચારા કૌભાંડમાં જેલમાં ગયા ત્યારે અભણ રાબડીદેવીને મુખ્યમંત્રી પદ સોંપી જેલમાંથી રાજ ચલાવ્યું. રાજકીય ક્ષેત્રે નરેન્દ્ર મોદીનો ઉદય બિહારની રાજનીતિને સખળડખળ કરતો રહ્યો. મોદી વિરોધી લાલુ કદાચ જેલમાં જ દમ તોડશે અને શરૂઆતમાં લાલકૃષ્ણ અડવાણીના લાડકા બની રહેલા જદ(યુ) નેતા નીતીશકુમારે ક્યારેક મોદી સાથે હાથ મિલાવવાની પણ ના પાડી દીધી હતી એ અત્યારે મોદીના ખિસ્સામાં લપાઈને ખુરશી બચાવવાના ખેલ ખેલી રહ્યા છે. બિહારનું રાજકારણ જાતિવાદ પર લડાતું રહ્યું છે. લાલુ સાથે ગઠબંધન રચીને નીતીશકુમારે ૨૦૧૫માં એમનું મુખ્યમંત્રી પદ બચાવેલું પરંતુ કાલાન્તરે જેની વિરુદ્ધ ઝેર ઓકેલું એ ભારતીય જનતા પાર્ટી સાથે ગઠબંધન કરવું પડ્યું અને મોદીનું શરણું સ્વીકારવું પડ્યું. ગત લોકસભાની ચૂંટણીમાં પણ નીતીશકુમાર છેલ્લી ઘડીએ શું કરશે તે નક્કી નહોતું, પણ આખરે ઘીના ઠામમાં ઘી પડી રહ્યું અને જદ(યુ) તથા ભાજપનું ગઠબંધન હાવી રહ્યું. રામવિલાસ પાસવાન દલિત નેતા કરતાં વિશેષ યેનકેન પ્રકારેણ સત્તા સાથે રહેવાનું લુચ્ચું પ્રાણી છે. ભાજપ સાથે ગઠબંધન કરવામાં લાભ વરતાતો અને મોદીના મંત્રીમંડળમાં સીટ રિઝર્વ થઈ ગઈ એ પછી એમને પુત્ર ચિરાગ પાસવાનને એમની 'પારિવારિક' પાર્ટી લોકજનશક્તિ પાર્ટીનું સુકાન સુપરત કર્યું છે. અત્યારે બિહારમાં ભાજપ કરતાં વધારે શક્તિશાળી સ્થાનિક પાર્ટીઓ છે, પરંતુ એ સામસામે છે. લાલુ યાદવની રાજદનું સુકાન એમના અલ્પશિક્ષિત સુપુત્ર તેજસ્વી પાસે છે. બિહારના ગરીબ મતદાતાઓમાં લાલુ યાદવ આજે પણ ભગવાનની જેમ પૂજાય છે. નીતીશકુમારે લાલુના ભ્રષ્ટ જંગલરાજમાંથી બિહારને મુક્તિ અપાવી 'સુશાસન કુમાર'નું બિરુદ મેળવ્યું હતું, જો કે ગત વિધાનસભાની ચૂંટણીમાં નીતીશકુમારે સામે ચાલીને લાલુ યાદવ અને કોંગ્રેસ સાથે ગઠબંધન રચ્યું હતું. આગામી ચૂંટણીમાં નીતીશકુમારને મુખ્યમંત્રી તરીકે પ્રોજેક્ટ કરી ભાજપ નેપથ્યમાં રહી શાસન ચલાવવા માગે છે, ખાટલે ખોડ એ છે કે રામવિલાસ પાસવાને ગજા બહારની ૪૩ બેઠકો માગી છે જે ભાજપ કે નીતીશ ફાળવી શકે એમ નથી. જીતનરામ માંઝી કે કુશવાહા જેવા અડૂક દડૂકિયા નેતાઓ આમથી તેમ કુદકારા મારતા રહે છે. એમને એમના જોગાં બટકાં નાખી બેઉ ગઠબંધન વિધાનસભાના સમરાંગણમાં ઊતરવા કમ્મર કરી રહ્યા છે.

# હાથમાંથી છૂટે તે ત્યાગ, હૈયામાંથી છૂટે તે વૈરાગ



લાગણીનો મેળો
રસિક વાળંદ

મારી તસ્વીર સામે કેટલાયે બેઠા હતા ભાવ વગર.
એક અગરબત્તી સળગતી હતી જાણે સુગંધ વગર.
અને પછી
મારા એ જ મારી તસ્વીર ઉપાડી કોઈ ભાર વગર!

●●●

શ્રાદ્ધ પર્વ... સોળ દહાડા શ્રાદ્ધના...

નાનપણના આ સ્મૃત પર્વના શાં શાં વખાણ કરું ?! મીઠડાં મિષ્ઠાન્નનાં ઊજવણાની સ્વાદાંજલિના અમૃત કોળીયા આજેય યાદ આવે છે. દેશી નળિયાવાળા માટીનાં એ જૂન ઘરોના છાપરે હકડેઠઠ કાગડાઓનો મેળો જામતો... ઘરના વડિલો છૂટે હાથે 'કાગાવાસા'ના બુલંદ અવાજે કાગવાસ નાખતા... શાળામાં એ દિવસે રજા. લાળરસ ઝરતો હોત... જઠરાગ્નિ પ્રદિપ્ત થતો હોય... છતાં સમયમ જાળવીને રાહ જોવાની.... પછી 'સ્વાદપર્વ' મન ભરીને માણવાનું...

આજે સ્વાદપર્વનો અસલી માહોલ ઈતિહાસ બની ગયો છે. સંયુક્ત કુટુંબ નામશેષ થયાં, અવનવાં 'ડેઝ' ઉજવનારાઓને હવે 'શ્રાદ્ધ'ની ક્યાં જરૂર?!

ખેર, સમયની સાથે પરંપરાનાં કલેવર પણ બદલાયાં... છતાં સમાજનો એક વર્ગ પિંડદાનની પરંપરાને શ્રદ્ધાભેર જાળવી રહ્યો છે. મોડર્ન યુવાવર્ગને મન આ બધું હાસ્યાસ્પદ લાગતું પણ હશે... પરંતુ દોસ્તો, આપણા ઉત્સવો પાછળ સામાજિક, ધાર્મિક, પૌરાણિક તેમજ વૈજ્ઞાનિક કારણે રહેલા છે. આ શ્રાદ્ધ પર્વ પાછળ પણ આ તમામ કારણો જોડાયેલા છે. સોશિયલ મીડિયાના મેસેજમાં આવતી વિધવિધ માહિતીથી બહુજન વર્ગ વાકેફ છે જ. એટલે એ ચર્ચા અહીં અસ્થાને છે...

મિત્રો, પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજી એવું કહેતા, 'મનુષ્ય એટલે કૃતજ્ઞતા.' મનુષ્ય જીવનનો વિકાસ પથ અન્યોન્યના સહારે સહારે આગળ ધપે છે. આજના સુસંસ્કૃત સભ્ય માનવ્યના મૂળમાં ઋષિ, દેવ અને પિતૃનું યોગદાન અનન્ય છે. આપણે સૌ આ સંસારમાં અનેકાનેક ઋણના બંધનોથી બંધાયેલા છીએ. માનવજીવન વિવિધ ઋણ મુક્તિ માટે છે. એટલે જ કહેવાય છે, કૃતઘ્નતા જેવું એકેય પાપ નથી. આજે માનવજીવનના સંબંધો ભાવનાશૂન્ય, મમત્વરહિત, અને યંત્રવત્ બન્યા છે. અને એવા લોકો 'શ્રાદ્ધપર્વ' ની હાંસી ઉડાવે છે. દોસ્તો, એક બાબત વિચારણીય છે, આજના ઈન્ટરનેટના જમાનામાં એક દેશના નાણાં બીજા દેશની બેંકમાં ફેરબદલ કરી શકાય છે, એક દેશનો વ્યક્તિ વિશ્વમાં કોઈ પણ ખૂણે પોતાનો અવાજ ટેલિફોનના માધ્યમથી પહોંચાડી શકે છે, તો પછી ભક્તિભાવથી, શુદ્ધ અંતઃકરણથી અને અનન્ય શ્રદ્ધાભાવે કરેલું શ્રાદ્ધ મંત્રશક્તિના જોરે પિતૃઓને તૃપ્તિ ન આપી શકે!!

આ મહાલયના દિવસો પૂર્વજો અને ઋષિમુનિઓના સ્મરણ - તર્પણના દિવસો છે. શ્રાદ્ધ એટલે 'શ્રદ્ધયા યત્ ક્રિયતે તત્ ।' શ્રદ્ધાથી એ અંજલિ આપવામાં આવ છે તેને શ્રાદ્ધ કહેવાય. જેમણે આપણા માટે, સંસ્કૃતિ માટે જાત ઘસી નાખી છે, લોહીનું પાણી કર્યું એ સૌને શ્રદ્ધાથી સ્મરણ કરવાનું. આપણા પિતૃઓ - પૂર્વજો જે યોનીમાં હોય ત્યાં સુખ-શાંતિ મળે તે માટે પિંડદાન અને તર્પણ કરવાનું. જેમણે જન્મ આપ્યો, ઊછેર્યા આપણા માટે સ્વાર્થ ત્યાગ કર્યો એ બધાના આપણે જન્માંતરોના ઋણી છીએ. આ સમજણ હોવી ઘટે. દેવ, ઋષિ અને પિતૃ - આ ત્રિવિધ ઋણમાંથી મુક્ત થવાના રૂડાં દિવસો છે. છતાંયે 'શ્રાદ્ધિયાં' ગણીને અશુભ માનીને શ્રદ્ધાનું જ શ્રાદ્ધ કરી બેઠા છે. આ ભ્રાંત અને ભૂલભરેલી સમજણને દૂર કરી કૃતઘ્ન બનેલાઓને કૃતજ્ઞ બનવાની સમજણ સમાજમાં વ્યાપક બને.. 'શ્રદ્ધાથી થાય તે શ્રાદ્ધ' - આ ભાવમર્મ સમજી 'શ્રાદ્ધપર્વ'ને સાર્થક કરીએ...!!!

**સ્પર્શમણિ :**
માણસાઈનું એક પગથિયું ચડાતું નથી ને...
આ માણસો માનતા રાખે છે ડુંગર ચડવાની...!

●●●

હાથમાંથી છૂટે તે ત્યાગ, હૈયામાંથી છૂટે તે વૈરાગ.

rasikvaland1965@gmail.com, Mo. 9913426949

# શ્રાધ્ધ એ પાખંડ નથી

## પિતૃઋણમાંથી મુક્તિનું માધ્યમ છે



અબીલ-ગુલાલ
મમતા રાવલ

ગયા લેખમાં અશરીરી આત્મા (ભૂત) અંગે લખ્યું ત્યારે મનમાં પિતૃઓ અને શ્રાધ્ધ વિશે ઊંડાણમાં જાણવાની અને જણાવવાની ઈચ્છા હતી. મારા મનમાં જે પ્રશ્નો હતા એના સમાધાન રૂપે સાંપડેલા જવાબો આજના લેખ સ્વરૂપે પ્રસ્તુત છે.

ભારત દેશમાં શ્રાધ્ધ કર્મનું વિશેષ મહત્વ છે. દેવી –દેવતાની આરાધના જેટલું મહત્વ પિતૃઓ ને પણ અપાયું છે. વૈદિક પરંપરા અનુસાર પુત્રનું પુત્રત્વ ત્યારે જ સાર્થક છે જ્યારે તે માતા-પિતાની સેવા કરે. એમના અવસાન પછી એમની મૃત્યુતિથી તથા પિતૃપક્ષમાં વિધિવત્ રીતે શ્રાધ્ધ કરે. માનવમાત્ર પર જન્મથી ત્રણ પ્રકારના ઋણનો ઉલ્લેખ શાસ્ત્રોમાં મળે છે જેમાં દેવઋણ-ઋષિઋણ અને પિતૃઋણ સમાવેશ થાય છે. પિતૃઋણ માંથી મુક્ત થવાની ધાર્મિક ક્રિયાને શ્રાધ્ધ કહે છે. શ્રાધ્ધમાં શ્રધ્ધા આવશ્યક છે. દરેક માસના બે પક્ષ સુદ અને વદ, જેમાં સુદ પક્ષમાં દેવતાઓ અને વદ પક્ષ પિતૃઓનો ગણાય છે. મનુ અને યાજ્ઞવલ્કય જેવા ઋષિઓ એ ધર્મશાસ્ત્રમાં નિત્ય અને નૈમિત્તિક શ્રાધ્ધનું મહત્વ દર્શાવતા કહ્યું છે કે શ્રાધ્ધ કરવાથી પિતૃઋણ માંથી મુક્તિ મળે છે. પિતૃઓ સંતુષ્ટ થાય છે.

અનેક લોકો છે જે શ્રાધ્ધ વગેરેમાં શ્રધ્ધા ધરાવતા નથી અને તાર્કિક દલીલો કરવામાં આવે છે. પરંતુ ભારતીય પરંપરા મુજબ શ્રાધ્ધએ પાખંડ નથી. હિંદુ સંસ્કૃતિમાં પિતૃયોની ની સ્વીકૃતિ અને આસ્થાને લીધે શ્રાધ્ધનું ચલણ વધુ છે. પશ્ચિમી દેશોમાં આ અંગેના સંશોધનો ચાલું જ છે. ફ્રાંસના ડૉ. જયુજેન ઓસ્ટલી, ઈટલીના સીજટ લોમ્બ્રોસ્વે, બ્રિટનના સર આર્થર કાનન ડાયલે સૂક્ષ્મ શરીરના અસ્તિત્વને માન્યતા આપી છે. તેમના દ્વારા આ સૂક્ષ્મ શરીરને ' અકટોપ્લાઝમાં લ્ર ની સંજ્ઞા આપવામાં આવી છે અભયાનંદજી ના પુસ્તક ' લાઈફ બિયોન્ડ ડેથ લ્ર માં પણ આનો ઉલ્લેખ વાંચવા મળે છે.



ક્યારેક એવો પ્રશ્ન થાય છે કે શ્રાધ્ધમાં મૃત પિતૃઓ માટે કરવામાં આવતું તર્પણ એને પહોંચે છે ખરું !!! શાસ્ત્ર પ્રમાણે એનો જવાબ 'હા' માં મળે છે. શાસ્ત્રમાં દરેક કર્મની શરૂઆત માં સંકલ્પ કરવાનું વિધાન છે. અને માન્યતા મુજબ સંકલ્પ પ્રમાણે ફળ મળે જ છે. 'સંકલ્પ' એ પરબીડીયા પર લખેલા સરનામા જેવું કાર્ય કરે છે. ગરૂડપુરાણ, કઠોપનિષદમાં સ્થાયી પિતૃદેવની વાત છે. આ સ્થાયી પિતૃદેવ એટલે અર્યમાદિ દેવ, જેઓ આપણા સર્વના પિતૃશ્વર દેવ તરીકે ગણવામાં આવ્યા છે. આપણે જ્યારે કોઈ પણ શુભ કાર્ય કરતા હોઈએ ત્યારે માતૃદેવોભ્ય નમઃ ' , ' પિતૃદેવોભ્ય નમઃ' બોલવામાં આવે છે એ અર્યમાદિ દેવ એટલે કે પિતૃશ્વર દેવ માટે બોલવામાં આવે છે. હેમાદ્રી ગ્રંથમાં પિતૃદેવનું ખૂબ જ સુંદર વર્ણન વાંચવા મળે છે. આ ગ્રંથ અનુસાર પૃથ્વી પરના મનુષ્ય દ્વારા થતા શ્રાધ્ધ કર્મનો ઉદ્દેશ અને જે તે મનુષ્યના પૂર્વજો વિશે આ દેવ જાણે છે. આથી તેઓ મધ્યસ્થી રહીને દરેક દ્વારા થયેલા શ્રાધ્ધ કર્મ, સૂક્ષ્મ સ્વરૂપે કોઈપણ યોનીમાં રહેલા આપણા પૂર્વજ સુધી પહોંચાડી પૂર્વજોને તૃપ્ત કરી, પ્રસન્નતા પહોંચાડે છે.

શ્રાધ્ધમાં પિતૃઓને જમાડવા માટે શાસ્ત્રમાં બે આદેશનો ઉલ્લેખ છે. " પ્રિયઃ આત્મન : " જે પદાર્થ તેમને અત્યંત પ્રિય હોય તે અને બીજું " સોમરસ પ્રધાનીયમ્..." એટલે કે જળ પ્રધાન-પ્રવાહી સ્વરૂપ. દૂધમાં સોમતત્વ વધુ છે. આથી દૂધપાક, બાસુદીનું મહાત્મ્ય સ્વીકારાયું છે. પક્ષીઓમાં કાગડાને પિતૃઓના પ્રતિનિધી તરીકે જોવામાં આવે છે. આથી અનેક જ્ઞાતિમાં કાગવાસ નાંખવાનો રિવાજ છે.

શાસ્ત્ર પ્રમાણે, જીવાત્માને એક શરીર છોડ્યા પછી બીજું શરીર તાત્કાલિક મળી જાય એવો કોઈ નિયમ નથી. સંસ્કાર, પુણ્ય પ્રબળ હોય તો ૩ દિવસ, ૩ પક્ષ, ૩ માસ કે ૩ સંવત્સરમાં બીજું શરીર મળે છે. બાકી વાયુમંડળમાં અનંત આત્માઓ ફર્યા કરે છે. બધાને સ્થૂળ શરીરની પ્રાપ્તિ થતી નથી. પરંતુ તેઓ માટે 'ભૂત' નામકરણ યોગ્ય નથી. ચોર્યાસી લાખ યોનિમાં ભૂતયોનીનું વર્ણન નથી. જેમ કે રજ્જૂમાં સર્પ, છીપમાં ચાંદી, રેતીમાં મૃગજળ એમ પોતાની ભાવના પ્રમાણે કલ્પિત ભૂત મનમાં સંસ્કારરૂપે ઉતપન્ન થાય છે. મલિન આત્માઓના અસ્તિત્વની વાત હંમેશા વિવાદસ્પદ રહી છે.

સદગતના આત્માની શાંતિ માટે પૂજ્ય શ્રી મોટાએ નીચે મુજબની પ્રાર્થના ઓછામાં ઓછા ૧૩ દિવસ સુધી રોજ સવાર-સાંજ કુટુંબીઓ કે વ્યક્તિગત રીતે કરવાનું સૂચવેલ છે. જે અનુકરણીય છે.

***ગયેલા આત્માને મનહદયથી આપ જે શાંતિ પૂરી***
***બધી રીતે એનું પ્રભુ ! કરવ જે સર્વ કલ્યાણ શ્રીજી !***
***બધા જીવો સાથે ગત જીવનમાં જે થયેલો સંબંધ,***
***કરાવી ધો એને તરફથી સાવ વિશ્વિંતમુક્ત***

**શિખરણી-મંદાક્રાંતા છંદ**
**- શ્રી મોટા**

**(બ્રહ્મદેવતા પંડિત શ્રી પીનાકીનભાઇ વ્યાસનો માર્ગદર્શન બદલ આભાર)**

# એક ચિત્રકારની આત્મકથા - 'ઘેર જતાં'




મનના ઉમંગો
રણછોડ પરમાર

તારીખ- ૧૭/૦૩/૨૦૧૯ ના રોજ અમદાવાદમાં આત્મા હોલમાં ઓમ કોમ્યુનિકેશન દ્વારા કોઈ કાર્યક્રમ યોજાયો હતો. હોલમાં કેટલાક પુસ્તકો વેચાતાં હતાં. મેં ગુલામ મોહમ્મદ શેખનું પુસ્તક " ઘેર જતાં" ખરીદ્યું. એ કાર્યક્રમમાં શ્રી ગુલામ મોહમ્મદ પણ આવ્યા હતા. મેં એમના પુસ્તક પર એમની સહી લીધી. મારો મિત્ર હરજી ધડુક એમનો શિષ્ય હતો. તેના વિશે થોડીક વાતો કરી. મારું પુસ્તક" જય પશુપતિનાથ" મેં એમને ભેંટ આપ્યું. એમણે મારું પુસ્તક વાંચ્યું હશે કે નહીં તે ખબર નથી. મેં એમનું પુસ્તક છેલ્લા બે દિવસમાં વાંચી લીધું છે.

આ પુસ્તકમાં તેર નિબંધો છે. બધા નિબંધ આત્મકથાનાત્મક છે. બધા નિબંધ ભેળા થતાં આત્મકથાનો ઘાટ રચાય છે. આ નિબંધો આલેખતાં પહેલાં શેખસાહેબે પોતાની કેફિયત આપી છે. કેફિયતમાં પિતાના જીવન અંગે કેટલીક વિગતો આપી છે. તેમાં તેમના વતન સુરેંદ્રનગર, પછી વડોદરા અને છેલ્લે તેમણે લંડનમાં ગાળેલા વરસોની વાત કરી છે.

પ્રથમ પ્રકરણમા પિતાના ઘરની વાત કરી છે. વઢવાણમાં ભોગાવોના કાંઠે વસેલી ઘાંચીવાડમાં તેમના મકાનની સામાજિક સ્થિતિ અને તેમના માતાપિતાનું આર્થિક-કૌટુંબીક જીવન દર્શાવ્યું છે. બાળપણમાં તેઓ કેવી કેવી રખડપટ્ટી કરતા તેનું રસપ્રદ વર્ણન કર્યું છે. બીજા પ્રકરણમાં તેમણે ભાળેલા વગડાના જીવોની વાત કરી છે. તેમના ઘરની સામે મીલની દિવાલ હતી. તેના પર ત્રીજા પ્રકરણૅમાં સરસ નિબંધ લખાયો છે. ચોથા પ્રકરણમાં ભાઠાની અને સાતમા પ્રકરણમાં ચાલીની ગટરની વાત કરી છે. શેખસાહેબે પિતાજી વિશે અલગ લેખ લખ્યો નથી, પરંતુ પાંચમાં પ્રકરણમાં દાદાની વિશે, છઠા પ્રકરણમાં મા વિશે અને આઠમા પ્રકરણમાં ભાઈ વિશે બહુ સરસ લેખો લખ્યા છે. નવમા પ્રકરણમાં લખાયેલો ગોદડી નિબંધ ગુજરાતી સાહિત્યના ઉત્તમ નિબંધોમાં સ્થાન પામી શકે તેવો સશક્ત છે. મા જૂના કપડાંમાંથી કેવી રીતે ગોદડી બનાવતી તેનું અદભુત વર્ણન કર્યું છે. એ ગોદડીમાં એમના બાળપણ-કિશોરવયના અસંખ્ય સ્મરણો સમાયા છે. ગોદડીની ગંધમાં તેમણે પોતાના જીવનની સુગંધને ભેળવી દીધી છે. એ સમયગાળામાં રવિવારની રજામાં પોતે આંગણામાં કાગળો, રંગો અને પીંછીઓનો પથારો કરી ચિત્ર દોરવા બેસતા. એકવાર એક છોકરી એમની ઉપર મગફળાનાં ફોફાં ફેંકી જાય છે. અને જે થોડીક રજાઓની રંગદર્શી કહાણી શરુ થાય છે તે ગજબની છે. જેવી રીતે આ છોકરી તેમના જીવનમાં આવી અને એ જ રીતે અદ્રશ્ય પણ થઈ ગઈ. આખો પ્રસંગ શેખસાહેબે કમાલ રીતે વર્ણવ્યો છે. આ પ્રસંગ પણ ગોદડી નિબંધને અનેરી ઊંચાઈ અર્પે છે.

પુસ્તકનું શિર્ષક" ઘેર જતાં " રાખ્યું છે. તે જોતાં આ પુસ્તકમાં તેઓ નોંધનીય સમય માટે જે ત્રણ ઘરમાં રહેલા તેની "કેફિયત"માં ટૂંકમાં અને તે પછી ત્રણે ઘરોની વિગતવાર અલગ અલગ પ્રકરણોમાં વાત કરી છે. એમ.એસ. યુનિ. ની નોકરી દરમ્યાન તેમને રેસિડેંસી બંગલામાં રહેવા મળ્યું હતું. તેમાં સંતાનોના આગમન અને બાળપણના અનેક સ્મરણો છે. તે પછી તેમણે વડોદરામાં એક જૂનું મકાન ખરીદી તેમાં સમારકામ કરાવી "નિહાળિકા" સર્જ્યું. તેમાં એકવાર સોદો થયા પછી મકાનમાલિક કેવી રીતે ફરી ગયો અને પછી એજ ઘર એ જ કિમંતે પાછુ એમને મળ્યું એવા આશ્ચર્ય પમાડી દે તેવા પ્રસંગો તેમણે આલેખ્યા છે. મકાનની સામેના કેરીઓથી લચેલા આંબાથી તેઓ મકાન ખરીદવા આકર્ષાયા હતા અને એજ આંબો એમને કાઢી નાખવો પડ્યો. મકાનમાં કેવું સ્મારકામ કર્યું અને વાંદરાઓના ત્રાસના કારણે છતની ડિઝાઈન બદલવી પડી. એ બધી વાતો સૌને રસ પડે તેવી રીતે રજૂ થઈ છે. તેમના પત્નિને આલ્મોડામાં એક મકાન "કાયનાન્સ" વારસામાં મળ્યું તેની પણ અનેક યાદો છે. કાઠિયાવાડનો માણસ આવી ઠડીમાં કેવી રીતે રહી શકે ? છતાં તેઓ ત્યાં ઘણો સમય રહ્યા. સુભાષચંદ્ર બોઝે પણ એક જમાનામાં આ મકાનની મુલાકાત લીધી એ વાત રોમાંચ ઉપજાવે છે. આ બધાં મકાનોમાં તેમણે અને તેમની જીવનસંગિની નિલીમાબેને વખતોવખત કરેલાં ચિત્રસર્જનોની પણ વાત કરતા રહે છે. આમ લેખક સુરેંદ્રનગર વતનના ઘરમાં, વડોદરામાં રેસિડેંસી બંગલામાં અને નિહાળિકામાં તથા કોઈકોઈ વાર આલ્મોડામાં કાયનાન્સમાં રહ્યા તેની ખટમધુરી યાદો છે. આ ત્રણ મકાનો ઉપરાંત વડોદરા આવ્યા ત્યારે શરુઆતમાં રાવપુરામાં અંધારી ઓરડીઓમાં રહેતા એની પણ ઝાંખી કરાવી છે. પોતે મુસ્લિમ હોવાને કારણે મકાન મેળવવામાં અને મકાન મળ્યા પછીયે કોમી તોફાનો દરમ્યાન અનેક વાર તાણમાં આવી જતા તેવી કડવી યાદો પણ છે.




ગુજરાતી નિબંધોમાં જેમ કાકાસાહેબ, સ્વામી આનંદ અને સુરેશ જોષી તેઓનું વિશિષ્ટ સ્થાન ધરાવે છે તેમાં ગુલામ મોહમ્મદ શેખ પોતાના રંગમય શબ્દસૌંદર્યથી એક નવી ઊંચાઈ સ્થાપે છે.